# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 02-06-2024** **Evening : 7.10 to 7.20**
**Day : Sunday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **હિના મોદી** વાંચે છે.

---

- રાજ્યની લોકસભાની 25 બેઠકો માટેની મંગળવારે યોજાનારી મતગણતરી માટે તંત્ર સજ્જ..
- સુરતમાંથી બે આરોપીઓની દસ લાખથી વધુના ડ્રગ્સ સાથે ધરપકડ કરતી અઠવાલાઇન્સ પોલીસ.. બંને આરોપીઓની કડક પૂછપરછ..
- રાજ્યમાં આગામી દિવસોમાં કેટલાંક સ્થળોએ હળવો વરસાદ થાય તેવી હવામાન વિભાગની આગાહી.. દરિયાકિનારાના વિસ્તારોમાં ભારે પવન ફૂંકાવાની શક્યતા ..
- અમદાવાદમાં આગામી સાતમી જુલાઇએ ભગવાન જગન્નાથજી યોજાનારીની રથયાત્રા નિમિત્તે પોલીસ કમિશ્નરે મંદિરના ટ્રસ્ટીઓ સાથે સમીક્ષા બેઠક કરી ..
- દુર્ઘટનાના નિવારણ માટે રાજ્યમાં વિવિધ સ્થળોએ ફાયર સેફ્ટી અંગેની તપાસ ઝુંબેશ.... અમદાવાદ સહિતના વિસ્તારોમાં ફાયર સેફ્ટીના નિયમોનું ભંગ કરનાર એકમો સિલ કરાયા..
- ગાંધીનગરમાં ગિફ્ટ સીટી ખાતે આંતરરાષ્ટ્રીય ચેસ ચેમ્પિયનશીપનું ઉદઘાટન કરાયું..

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# GUJ. MATGANTRI

રાજ્યના 25 કેન્દ્રો પર આગામી 4થી જૂને સવારે આઠ વાગ્યાથી મતગણતરીની પ્રક્રિયા હાથ ધરાશે. જેમાં આણંદ લોકસભા મતવિસ્તારમાં બે જ્યારે અન્ય તમામ લોકસભા મતવિસ્તારના એક-એક મતગણતરી કેન્દ્રો પર એકસાથે મત ગણતરી શરૂ થશે. તમામ કાઉન્ટિંગ સેન્ટર પર ત્રિસ્તરીય સુરક્ષા વ્યવસ્થા સુનિશ્ચિત કરવામાં આવી છે..

સમગ્ર મતગણતરી પ્રક્રિયા માટે 56 કાઉન્ટિંગ ઓબ્ઝર્વર્સ, 30 ચૂંટણી અધિકારી અને 180 મદદનીશ ચૂંટણી અધિકારી ફરજ બજાવશે. આ ઉપરાંત અંદાજે 614 વધારાના મદદનીશ ચૂંટણી અધિકારીઓને પોસ્ટલ બેલેટ અને ઇલેક્ટ્રોનિક ટ્રાન્સમિટેડ પોસ્ટલ બેલેટ સિસ્ટમ માટે જવાબદારી સોંપવામાં આવી છે. આજથી મતગણતરી માટેના તમામ ઑબ્ઝર્વર્સ ફરજ સ્થળ પર હાજર થશે.

# GUJ. MATGANTRI DIST.

ગાંધીનગર જીલ્લા કલેક્ટર મેહૂલ દવેએ જણાવ્યું છે કે, ગાંધીનગર વિસ્તારની મતગણતરી સેક્ટર-15 કોમર્સ અને આર્ટસ કોલેજમાં યોજાશે.. તેમણે મતગણતરીની રૂપરેખા રજૂ કરી તૈયારીઓથી સૌને વાકેફ કર્યા હતા.

પંચમહાલ જિલ્લા ચૂંટણી અધિકારીએ મતગણતરીની પૂર્વ તૈયારીઓને લઈને પત્રકાર પરિષદ યોજી હતી. આ પંચમહાલ લોકસભા બેઠકમાં કુલ ૧૫૫ રાઉન્ડમાં મતગણતરી યોજાશે, જેમાં કુલ ૧૧ લાખ ૧૬ હજાર ૧૭૧ ઇ.વી.એમ.ના મતો અને ૧૫ હજાર ૯૭૨ પોસ્ટલ બેલેટની મતગણતરી કરવામાં આવશે તેવું તેમણે જણાવ્યું...

ખેડા લોકસભા બેઠક માટે માતરની ITI પલાણા ખાતે મતગણતરી થશે.. કુલ 7 વિધાનસભા મત વિભાગના 7 કાઉન્ટિંગ હોલ, પોસ્ટલ બેલેટની ગણતરી માટે 2 કાઉન્ટિંગ હોલ તૈયાર કરાયા છે.

તો વલસાડ કલેકટર કચેરી ખાતે જિલ્લા ચૂંટણી અધિકારી આયુષ ઓકે મતગણતરીની તમામ તૈયારીઓની સમીક્ષા કરી હતી.

છોટાઉદેપુર સંસદીય મતવિભાગ માટે મતગણતરીની કામગીરી પર દેખરેખ રાખવા ચૂંટણી પંચ દ્વારા બે કાઉન્ટીંગ ઓબ્ઝર્વરશ્રીઓની નિમણૂંક કરવામાં આવી છે. આ ઉપરાંત ગણતરીના સમયે મતગણતરી સંબંધિત જાણકારી મેળવવા કે કોઈ ફરિયાદ હોય તો કંટ્રોલરૂમ નંબર ૧૯૫૦ અથવા ૦૨૬૬૯-૨૯૯૨૬૦ ઉપર સંપર્ક કરી શકાશે.

ભાવનગરમાં લોકસભા ચૂંટણીની મતગણતરીની તૈયારીઓને આખરી ઓપ અપાઇ રહ્યો છે. વિદ્યાનગર વિસ્તારમાં આવેલી સરકારી ઇજનેરી કોલેજમાં મતગણતરી યોજાશે.

પોરબંદરમાં પોલિટેકનિક કોલેજમા મતગણતરી વખતે 3 લેયર સિક્યોરિટી બંદોબસ્ત ગોઠવાશે..

કેન્દ્રશાસિત પ્રદેશ દમણ- દીવ અને દાદરાનગર હવેલીમાં મતગણતરીની તમામ તૈયારીઓ પૂરી થઈ છે. દાદરાનગર હવેલી અને દમણ દીવના મુખ્ય ચૂંટણી અધિકારી ટી.અરૂણે પત્રકાર પરિષદ યોજીને આ મુજબ જણાવ્યું..

**(બાઇટ- ટી.અરુણ)**

## A'VAD- OBSERVER VISIT

અમદાવાદની પૂર્વ લોકસભાની બેઠકના કેન્દ્રીય ચૂંટણી પંચના નિરીક્ષક અભિનવ ચંદ્રાએ મતગણતરી કેન્દ્રની મુલાકાત લઈને તૈયારીઓની સમીક્ષા

કરી હતી. આગામી 4 જૂનના રોજ અમદાવાદની એલ.ડી. એન્જિનિયરિંગ કૉલેજ ખાતે અમદાવાદ પૂર્વ લોકસભા બેઠકની મતગણતરી યોજાશે.. નિરીક્ષક શ્રી ચંદ્રાએ કેન્દ્રની મુલાકાત લઈને મતગણતરી અંગેની વ્યવસ્થાઓ તથા સુરક્ષા વ્યવસ્થા સહિતની તૈયારીઓ નિહાળી હતી તેમજ આ બાબતે અધિકારીઓને જરૂરી માર્ગદર્શન પૂરૂં પાડ્યું હતું.

# SURAT DRUGS

સુરતના નાનપુરા કદમપલ્લી વિસ્તારમાંથી એમડી ડ્રગ્સ સાથે બે આરોપીઓને ઝડપી પાડ્યા છે. 100 ગ્રામ એમડી ડ્રગ્સ સાથે બીટુ કુમાર સુબોધ પાંડે અને પ્રશાંત જયરામ પ્રજાપતિની કરી ધરપકડ કરી છે. આ બંને શખ્સોને પાંડેસરા વડોદના જીતેશ ઉર્ફે પંડિત જીતેન્દ્ર મિશ્રાએ ડ્રગ્સ આપ્યુ હતું.

ડીસીપી વિજયસિંહ ગુર્જરે જણાવ્યું કે, બાતમીના આધઆરે આંતરરાષ્ટ્રીય કિંમત રૂપિયા દસ લાખ કરતા વધુની  થાય છે. આરોપીઓ નાનપુરાની કાદળસાદલ નાળ પાસે કોઈને એમડી ડ્રગ્સ આપવાના હતા.. આ બંને આરોપીઓની પોલીસ કડક પૂછપરછ કરીને વધુ વિગતો મેળવવાનો પ્રયાસ કરી રહી છે.

# SURAT- CYCLOTHON

સુરતમાં અંગદાન પ્રત્યે જાગૃતિ ફેલાય તે માટે સાયકલોથોનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ગૃહરાજ્યમંત્રી હર્ષ સંઘવી, સુરત પોલીસ કમિશ્નર અનુપમ સિંહ, સુરતના મેયર દક્ષેશ માવાણી સહિત મોટી સંખ્યામાં સાયકલ સવારોએ ઉપસ્થિત રહી અંગદાન જાગૃતિનો ફેલાવ કર્યો હતો. અમારા સુરતના પ્રતિનિધી લોપા દરબાર જણાવે છે કે, અઠવાગેટ ખાતેથી સાયક્લોથોનને લીલી ઝંડી આપવામાં આવી હતી.

સુરત પોલીસ કમિશ્નર અનુપમ સિંહે લોકોને અંગદાન કરવા માટે અપીલ કરી હતી....

(બાઇટ- અનુપમ સિંહ)

# WEATHER UPDATE

રાજ્યમાં આવતા અઠવાડિયાથી પ્રિ-મોન્સુન એક્ટિવિટી શરૂ થશે. સાથે સાથે રાજ્યમાં કેટલાક સ્થળોએ હળવો વરસાદ થવાની પણ હવામાન ખાતાએ સંભાવના વ્યક્ત કરી છે. ઉપરાંત આગામી સમયમાં અમદાવાદ શહેરમાં 20થી 25 કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે ભારે પવન ફૂંકાઈ શકે છે.

કરછના દરિયાકાંઠે ભારે પવન કુંકાવાની આગાહીના પગલે માંડવી બીચ પર સામાન્ય લોકોને સાત જૂન સુધી દરિયામાં નાહવા પર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે.

આજે સુરેન્દ્રનગરમાં સૌથી વધુ 42.1 ડિગ્રી તાપમાન નોધાયું છે. અમદાવાદમાં 42 ડિગ્રી નોંધાયું છે. છેલ્લા 2 દિવસથી રાજ્યના વાતાવરણમાં પલટો આવ્યો છે, તાપની સાથે-સાથે સુસવાટાભેર પવન ફૂંકાઈ રહ્યો છે, ત્યારે રાજ્યના લોકોને ગરમીથી થોડી રાહત મળી છે.. રાજ્યમાં પાંચ દિવસ સુધી વાતાવરણ સુકું રહેશે અને રાજ્યમાં ચોમાસું 15 જૂનથી શરૂ થવાની હવામાન વિભાગે આગાહી કરી છે.

# FIRE SAFETY

રાજકોટની ગેમઝોન દુર્ઘટના બાદ આવા બનાવોનું પુનરાવર્તન ન થાય તે માટે તંત્ર સતર્ક બન્યું છે.

જેના ભાગરૂપે, અમદાવાદ મનપાએ, વિવિધ એકમોમાં ફાયર સેફ્ટી, NOC સહિતના મુદ્દાઓ પર તપાસની ઝૂંબેશ હાથ ધરી છે. અત્યાર સુધીમાં 476 એકમોમાં તપાસ કરવામાં આવી, જેમાંથી 78 એકમો સીલ કરવામાં

આવ્યા છે. ટ્યુશન ક્લાસિસ, હોસ્પિટલ, પાર્ટી પ્લોટ અને હોટેલ જેવા એકમો સીલ કરાયા છે. આગામી સમયમાં પણ મનપાની આ ઝૂંબેશ યથાવત રહેશે.

કલોલ શહેરમાં નગરપાલિકાની ટીમ દ્વારા ફાયર સેફ્ટીને લઈ મોટાભાગની હોટેલ અને ગેસ્ટ હાઉસ સીલ કરવામાં આવ્યા છે.

વેરાવળમાં ફાયર સેફ્ટી જાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો, જેમાં તજજ્ઞો દ્વારા સુરક્ષા અને સલામતી અંગે માર્ગદર્શન અપાયું હતું.. જીલ્લા કલેક્ટરે નૈતિક ધારાધોરણો મુજબ અનુસરવા લોકોને અપીલ કરી હતી..

# RATHYATRA

અમદાવાદમાં ભગવાન જગન્નાથની રથયાત્રા આગામી સાતમી જુલાઇએ નીકળશે.. રથયાત્રા અને મંદિરની સુરક્ષાને ધ્યાનમાં રાખીને આજે અમદાવાદ શહેરના પોલીસ કમિશ્નર જી.એસ. મલિકે જમાલપુર જગન્નાથ મંદિરમાં ટ્રસ્ટીઓ અને મુખ્ય પૂજારીની સાથે બેઠક કરી હતી. તેમણે ભગવાન જગન્નાથજીના દર્શન પણ કર્યા હતા.. પોલીસ કમિશ્નરની સાથે અન્ય પોલીસ અધિકારીઓ પણ જોડાયા હતા.

અત્રે ઉલ્લેખનીય છે કે, જગન્નાથ મંદિરેથી દર વર્ષે અષાઢી બીજે નીકળતી રથયાત્રામાં લાખો લોકો ઉપસ્થિત રહે છે. શ્રધ્ધાળુઓની સુરક્ષા અંગે કમિશ્નરે અમદાવાદ ક્રાઇમ બ્રાંચના અધિકારીઓ અને મંદિરના મહંત દિલીપદાસ મહારાજ અને ટ્રસ્ટી મહેન્દ્ર ઝા સાથે બેઠક કરી હતી.

ભાવનગરમાં સંતો, મહંતો અને આગેવાનોની ઉપસ્થિતિમાં ભગવાન જગન્નાથજીની રથયાત્રા કાર્યાલયનું ઉદ્‌ઘાટન અને ધ્વજારોહણ કરાયું..

# CHESS

ગુજરાત રાજ્ય ચેસ એસોસિએશન દ્વારા ગાંધીનગરમાં ગિફ્ટ સિટી, ખાતે આંતરરાષ્ટ્રીય ચેસ ખેલાડીઓ વચ્ચે ચેસ ચેમ્પિયનશીપ શરૂ થઇ છે.. પાંચ

વખત વર્લ્ડ ચેસ ચેમ્પિયન પૂર્વ આંતરરાષ્ટ્રીય ચેસ ખેલાડી અને પદ્મ વિભૂષણ વિશ્વનાથન આનંદે આ આંતરરાષ્ટ્રીય ચેસ સ્પર્ધાનું ઉદઘાટન કર્યું છે.. પૂર્વ બિલિયર્ડ ખેલાડી પદ્મશ્રી ગીત સેઠી, પદ્મશ્રી વિજેતા, રાઈફલ શૂટિંગમાં બ્રોન્ઝ મેડલિસ્ટ ગગન નારંગ અને ગુજરાત રાજ્ય ચેસ એસોસિએશન દેવ પટેલ ઉપસ્થિત રહ્યા હતા.. 14મી, સુધી ચાલનારી આ ચેમ્પિયનશીપમાં 46 દેશોના 228 ખેલાડીઓ ભાગ લઇ રહ્યાં છે..

## DWARKA TAPU BANNED

દેવભૂમિ દ્વારકા જિલ્લાની સમુદ્ર સીમામાં આવેલા 21 જેટલા ટાપુઓ પર લોકોની અવરજવર પર તંત્ર દ્વારા પ્રતિબંધ લાદી દેવાયો છે.. સમુદ્ર તટથી ત્રણ તરફથી જોડાયેલા દ્વારકા જિલ્લામાં આવેલ કુલ 24 ટાપુમાંથી ફકત બે ટાપુ પર જ માનવ વસાહત છે...ત્યારે સમુદ્ર માર્ગે દેશ વિરોધી પ્રવૃત્તિઓ ન થાય તેવા આશય સાથે આ પ્રતિબંધ લાદવામાં આવ્યો છે..

## NEWS IN BRIF

## અને હવે કેટલાક સમાચાર સંક્ષિપ્તમાં...

- અરવલ્લી જિલ્લામાં આજે ગરમીનો પારો 40 ડિગ્રીએ પહોંચી જતા રસ્તાઓ સુમસાન બન્યા.. ગરમીથી બચવા માટે રેકડી સંચાલકોએ છત્રીઓનો ઉપયોગ શરૂ કર્યો...
- અમદાવાદ જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટર પ્રવીણા ડી.કે.એ અમદાવાદની ગુજરાત કોલેજ ખાતે તૈયાર કરાયેલા મતગણતરી કેન્દ્રની મુલાકાત લીધી..

- જામનગર કેન્સર રિસર્ચ ઇન્સ્ટિટયૂટ દ્વારા વ્યસનમુક્તિ અને નો ટોબેકો માટે સાયકલ રેલી યોજાઇ...
- સુરત ખાતે અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદની રાષ્ટ્રીય કારોબારી બેઠક યોજાશે...
- પાંચમી જૂન અને વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી નિમિત્તે વડોદરા સયાજીબાગ ખાતે પ્લાસ્ટિક પ્રદૂષણ સામે જાગૃતિ વિષય પર વૃક્ષારોપણ જેવા કાર્યક્રમો યોજાયા.. 10,000 રોપાઓનું વિનામૂલ્યે વિતરણ કરાયું.
- માંડવી ખાતે અંદાજે 5 હજાર જેટલા સિડસ બોલ્સ તૈયાર કરાયા, જે આગામી ચોમાસામાં અલગ અલગ સ્થળે ફેંકવામાં આવશે..

## GANDHINAGAR- CHOLERA UPDATE

ગાંધીનગર જિલ્લા કલેકટર મેહુલ દવેએ દહેગામના કોલેરાગ્રસ્ત વિસ્તારની મુલાકાત લઈ સ્થિતિની સમીક્ષા કરી હતી. કલેક્ટરે તંત્ર દ્વારા કરાયેલા અટકાયતી પગલા વિશે માહિતી મેળવી હતી.. તેમણે આ અવસરે અધિકારીઓની એક બેઠક બોલાવી તાત્કાલિક ધોરણે રોગ અટકાયત કામગીરી કરવા માટે માર્ગદર્શન આપ્યું હતું.. અત્યાર સુધીમાં કોલેરાગ્રસ્ત વિસ્તારના બે કિલોમીટરના વિસ્તારમાં બે હજાર ઘરોનો સર્વે કરાયો છે જ્યારે આવતીકાલ સુધીમાં સાડા પાંચ હજાર ઘરોનો સર્વે પૂર્ણ થશે...